
જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
જેન્ટસ ગાયક કલાકાર સાથે બેન્ડ ડબલ ઘોડાની બગી મળશે
એક જ સરખો ૧૦૦ માણસોનો સ્ટાફ
ધાર્મિક તહેવારો માટે ૧૦ ટકાનું વળતર મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી



અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ


# અવધ ટાઇમ્સ


પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૦-૦૯-૨૦૨૪ શુક્રવાર

AVADH TIMES GROUP



ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,








તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ભાદરવા વદ ૩ વર્ષ : ૨૮ અંક ૩૪૧



ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર

૭૭ વીઘાં નો રીસોર્ટ

GreenWoods
A family township & resort



• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ

માત્ર રૂ. 4,99,000 માં

300 મેમ્બર્સ માટે

Vishal Lords Inn

Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir




પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?

ફ્રી નિદાન કેમ્પ...

ફ્રી ઓપરેશન...

ડો.જય માકડીયા (યુરોલોજીસ્ટ)

નોંધ :-
હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રી કરી આપવામાં આવશે
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રી આપવામાં આવશે




તારીખ : ૨૦-૦૯-૨૦૨૪, શુક્રવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૫:૦૦

નવજીવન જનરલ હોસ્પિટલ

કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩ મો.૯૯૭૮૨ ૨૩૦૦૦



અમરેલી જિલ્લામાં એકમાત્ર...

LIC

સતત 5th Times

C.O.T. 2024

CORPORATE CLUB MEMBER

સતત ૧૩ વર્ષથી M.D.R.T.

મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮




## ગેંગરેપમાં ઐતિહાસિક ચુકાદો પાંચને છેલ્લા શ્વાસ સુધી કેદ (૩)

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અમરેલી જિલ્લાની મુલાકાતે (૨)


ફીલ્ડ એકઝીક્યુટીવ જોઇએ છે

ધારી, લાઠી, બાબરા, અમરેલી

એરીયાના જાણકાર ફિલ્ડના કામ માટે

ટુવ્હીલર જરૂરી, HSC પાસ, એન્ડ્રોઇડ ફોન જરૂરી

9375222280



આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય

સૌથી ઓછા રેટમાં

હુંડાઇ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઇ વરના...(૪ સીટર)
હુંડાઇ ક્રેટા...(૪ સીટર)

A/C NON A/C



જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,

ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com









## ભાવભરી શ્રધ્ધાંજલી



અંજલી આપતા શબ્દો ખુટે છે,
શ્રધ્ધાંજલી લખતા શબ્દો તુટે છે,
કુદરતના ખજાને ખોટ પડે છે,
ત્યારે માયાળુ માનવીના ખજાના લુટે છે,
આપનુ નિસ્વાર્થ પરોપકારી જીવન,
દરેક પ્રત્યેની અનહદ લાગણી
અમારાથી કદી ભૂલાશે નહિ.
ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્મા આપના
દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..



**સ્વ.જીકારભાઇ ભગવાનભાઇ વાઘ (ઉ.વ.૬૮)**

સ્વ.તા.૧૫-૯-૨૦૨૪, મુ.રામપરા-૨, તા.રાજુલા,
યાદવ ટ્રાન્સપોર્ટ, પીપાવાવ પોર્ટ
પ્રમુખ : ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, પીપાવાવ પોર્ટ
પુર્વ ઉપપ્રમુખ : અમરેલી જિલ્લા કોંગ્રેસ કમિટી

લી.


સ્વ.બીજલભાઇ મુળુભાઇ વાઘ
બાબુભાઇ મુળુભાઇ વાઘ - સુમરાભાઇ મુળુભાઇ વાઘ
લખમણભાઇ મુળુભાઇ વાઘ
ગોપાલ સપ્લાયર્સ - બ્રિજેશ એન્ટરપ્રાઇઝ
કે.એલ.એન્ટરપ્રાઇઝ સ્ટાફ
તથા પરિવાર
મુ.રામપરા - ૨, તા.રાજુલા, જી.અમરેલી

## જિલ્લામાં રાજ્યના વિવિધ વિભાગના રુ. ૨૯૨ કરોડના ૭૭ વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુર્હૂત

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલી જિલ્લાની મુલાકાતે

### એસ.ટી.બસ સ્ટેશન અમરેલી ખાતે નવીન બસપોર્ટ લોકાર્પણ, સ્પોર્ટસ કોમ્પ્લેક્સ અને રાજમેહલ નવીનીકરણના ખાતમુર્હૂતનો ભવ્ય ત્રિવિધ કાર્યક્રમ યોજાશે

### સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયા, જિલ્લાના ધારાસભ્યશ્રીઓની ભવ્ય કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતિ રહેશે



અમરેલી,

રાજ્યના મૃદુ, મક્કમ અને સરળ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તા.૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ને શુક્રવારના રોજ અમરેલી જિલ્લાની મુલાકાતે પધારશે. અમરેલી જિલ્લાને વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ મળશે.

અમરેલી એસ.ટી.બસ સ્ટેશન ખાતે નવીન અદ્યતન સુવિધાસભર બસપોર્ટનું લોકાર્પણ, સ્પોર્ટસ કોમ્પ્લેક્સ રાજમેહલ નવીનીકરણના ખાતમુર્હૂતનો ત્રિવિધ કાર્યક્રમ યોજાશે. જિલ્લામાં રાજ્યના વિવિધ વિભાગના રુ. ૨૯૨ કરોડના ૭૭ વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ-ખાતમુર્હૂત થશે. સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડિયા વિસ્તારના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય સર્વશ્રી મહેશભાઈ કસવાલા, શ્રી હિરાભાઈ સોલંકી, શ્રી જે.વી.કાકડીયા અને શ્રી જનકભાઈ તળાવિયા, પદાધિકારીશ્રીઓ મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

અમરેલી શહેર ખાતે રુ. ૪૨.૪૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ સુવિધાસભર નવીન બસપોર્ટનું લોકાર્પણ થશે. જિલ્લામાં રમતગમતને વધુમાં વધુ પ્રોત્સાહન મળે સાથે વિવિધ સ્પોર્ટસ માટેની ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે લાલાવદર મુકામે રુ. ૧૩.૬૪ કરોડના ખર્ચે ભવિષ્યમાં નવનિર્મિત થનાર સ્પોર્ટસ કોમ્પ્લેક્સનું ખાતમુર્હૂત થશે. અમરેલી શહેરના ઐતિહાસિક સ્થાપત્યનો નમૂનો અને શહેરની શાન ગણાતા એવા રાજમહેલનું રુ. ૨૪.૯૮ કરોડના ખર્ચે નવીનીકરણ થશે, આ કામગીરીનું ખાતમુર્હૂત-પ્રારંભ મુખ્યમંત્રીશ્રીના હસ્તે થશે. શહેરી વિકાસ વિભાગના રુ.૯૦.૨૮ કરોડના ખર્ચે ૧૨ કામો, માર્ગ અને મકાન વિભાગના રુ.૪૫.૮૧ કરોડના વિવિધ ૧૩ કામો, રૂ.૨૯.૮૫ કરોડના ખર્ચે ગૃહ વિભાગના ૫ કામો, રુ. ૨૭.૨૧ કરોડના ખર્ચે વિભાગના ૩ કામો, રાજ્યના વિવિધ વિભાગનો રુ.૬૦.૮૬ કરોડના ૪૧ કામો સહિત રુ. ૨૯૨ કરોડના વિવિધ વિકાસલક્ષી ૭૭ પ્રકલ્પોનું રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે લોકાર્પણ અને ખાતમુર્હૂત થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સાવરકુંડલા બાયપાસ રસ્તા પર પ્રસ્તાવિત રેલ્વે ઓવરબ્રિજનું ખાતમુર્હૂત અને લીલીયા ગ્રામ પંચાયત કચેરીના જેટીંગ મશીન તથા તાલુકાના ત્રણ ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ રાજુલા સ્થિત તિરંગા ચોક ખાતે ફ્લેગ હોસ્ટિંગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ધારી ખાતે નવનિર્મિત ડી.વાય.એસ.પી કચેરી, પોલીસ સ્ટેશન ધારી અને ખાંભા પોલીસ ક્વાર્ટરનું લોકાર્પણ કરશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલી જિલ્લાની આગવી ઓળખ એવાં આંબરડી સફારી પાર્કની અને અમરેલીના વિલેજ તરીકે ખ્યાતિ ધરાવતાં દેવરાજીયા ગામની પણ મુલાકાત લેશે.

## અમરેલીમાં મુખ્યમંત્રીનાં આગમનને કારણે તંત્ર દ્વારા રોડ ઉપર પેચ વર્ક કરાયું

### રાતોરાત રસ્તાઓ રિપેર થતા લોકોની મુશ્કેલી દુર થઇ

અમરેલી, અમરેલીમાં આજે રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સવારે ૯ વાગ્યે આવનાર હોય મુખ્યમંત્રીનાં કાર્યક્રમને અનુલક્ષીને એરપોર્ટથી શહેરનાં બસસ્ટેન્ડ સુધી તમામ માર્ગોમાં પેચવર્ક કરી રસ્તાઓ સરખા કરવામાં આવ્યાં હતાં. આમ મોટાભાગનાં રસ્તામાં પેચવર્ક થતા અને ખાડા બુરાતા લોકોની મુશ્કેલીઓ દુર થઈ ગઈ હતી. નવાઈની વાત એ છે કે, અમરેલીનાં નાના બસસ્ટેન્ડ સામે સીસી રોડ હોય તેમાં ડામર નાખીને પેચ વર્ક કર્યુ છે. સીસી રોડમાં ખરેખર તો સીમેન્ટથી જ પેચવર્ક કરવું જોઈએ તેના બદલે રોડ ઉપર ડામરથી ગાબડા પુરીને વહિવટી તંત્રએ ભારે પ્રદર્શન કર્યુ હતું.

## શ્રી કૌશિક વેકરીયા દ્વારા તડામાર તૈયારીઓ

# મુખ્યમંત્રીશ્રીનાં કાર્યક્રમને આખરી ઓપ આપતું જિલ્લા વહીવટી તંત્ર

### કલેકટરશ્રી અજય દહીયાના માર્ગદર્શનમાં વહીવટી તંત્ર દ્વારા લોકાર્પણ, ખાતમુહુર્તના સ્થળોએ તૈયારીઓની ચકાસણી





અમરેલી,

અમરેલીના ધારાસભ્ય અને નાયબ મુખ્યદંડકશ્રી કૌશિક વેકરીયા દ્વારા મુખ્યમંત્રીના આગમનને લઈ અને તડામાર તૈયારીઓ શરૂ કરાઈ છે.

શ્રી કૌશિક વેકરીયા તથા સાંસદશ્રી ભરત સુતરીયા અને પદાધિકારીઓની ઉપસ્થિતીમાં મુખ્યમંત્રીશ્રીનાં કાર્યક્રમને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આખરી ઓપ અપાઈ રહયો છે.

આજે કલેકટરશ્રી અજય દહીયાના માર્ગદર્શનમાં વહીવટી તંત્ર દ્વારા લોકાર્પણ, ખાતમુહુર્તના સ્થળોએ તૈયારીઓની ચકાસણી કરાઈ હતી.

## બાબરા નજીક પેટ્રોલ પંપ પાસે બોલેરોના ચાલકે બાઈક સવાર ત્રણ મુસાફરોને હડફેટે ચડાવ્યા

### અકસ્માતમાં ઇજાગ્રસ્તોને ગંભીર હાલતમાં રાજકોટ ખસેડાયાં



અમરેલી,

બાબરા શહેર નજીક આવેલ રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે અકસ્માતની એક ઘટના બની હતી જેમાં બોલેરોના ચાલકે પોતાનું બોલેરો પુરઝડપે અને બેફિકરાઈ થી ચલાવીને બાઈક સવાર એક જ કુટુંબના ત્રણ પરિવારજનોને હડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે અમરેલી સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા અને અહીં પરથી આગળની વધુ સારવાર માટે રાજકોટ રિફર કરવામાં આવ્યા હતા. ત્યારે પ્રાથમિક મળતી માહિતી અનુસાર ગણેશ ન્યાલ, સેવંતી ન્યાલ અને અને સાવન ન્યાલ નામના ૩ને ઈજા પોહચી હતી.

## આજે મુખ્યમંત્રીશ્રી કુંડલા-લીલીયાને વિકાસના કામોની ભેટ આપશે

### કુંડલા-લીલીયામાં રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૯૫ કરોડના વિવિધ કાર્યોના ખાતમુહર્તો અને લોકાર્પણો થશે









અમરેલી,

આજ રોજ માનનીય ધારાસભ્યશ્રી મહેશ કસવાલાના અથાગ પ્રયત્નોથી સાવરકુંડલા-લીલીયા વિધાનસભા માટે માતબર ગ્રાન્ટો લાવ્યા જે વિધાનસભાની જનતા ભલીભાતી જાણી રહી ત્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાવરકુંડલા ખાતે વિકાસના કામોના ખાતમુહર્તો અને લોકાર્પણ કરશે અને સાવરકુંડલા - લીલીયાની જનતાને પ્રગતિના પંથ પર લઈ જવા કટિબધ્ધ બનશે જેમા, સવારના ૧૦:૦૦ કલાકે સાવરકુંડલા મહુવા રોડ ખાતે આવેલ ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ પાસે રાજયના શહેરી વિકાસ વિભાગ દ્વારા ૫૪ કરોડના ખર્ચે સાવરકુંડલા ગીરધરવાવ વચ્ચે રેલ્વે બ્રીજનું ખાતમુહુર્ત થશે. ત્યારબાદ ઉર્જા વિભાગ દ્વારા વિજળી ડિસ્ટ્રીબયુશનને વધારે મજબુત બનાવવા અને ખેડૂતોને પુરતા વોલ્ટેજ સાથે વિજપુરવઠો મળી રહે તે માટે સાવરકુંડલાના આદસંગ, ભોંકરવા અને ગોરડકા ખાતે ૩૦ કરોડના ખર્ચે નવા ત્રણ ૬૬ કે.વી સબ સ્ટેશનનું ઈ-લોકાર્પણ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ દ્વારા કરવામાં આવશે અને સાવરકુંડલાના પોલીસ જવાનો માટે ૧૦.૨૯ ખર્ચે ૫૬ આવાસોનું લોકાર્પણ તથા લીલીયા ગ્રામ પંચાયતને રૂા.૪૩ લાખના ખર્ચે સ્વચ્છતા માટે જેટીંગ મશીનનું પણ ઈ-લોકાર્પણ કરવામાં આવશે તેમ ''અટલધારા'' કાર્યાલયના ઈન્ચાર્જ શ્રી જે.પી.હિરપરાની અખબારી યાદીમાં જણાવેલ હતુ.

### -:: જાહેર નોટીસ ::-

આથી અમો વકીલશ્રી નિલેશભાઇ એન.ચૌહાણ (બી.કોમ.,એલએલ.બી.) એડવોકેટ સાવરકુંડલા વાળાને અમારા અસીલશ્રી ડેલા સાજીદભાઇ ગફારભાઇ રહે. નાંધુ પીપળીયા, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૭૦ વાળાની મળેલ સુચના અને ફરમાઇશથી જાહેર નોટીસ આપીએ છીએ કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકા જુના સાવર ગામે આવેલ બિનપીયત ખેતીની જમીન ખાતા નં.૧૨૧૫ નો સર્વે નં.૧૦૪ પૈકી ૪ હે.આરે. ૨-૩૯-૭૫ ચો.મી.વાળી જમીન વેચાણ રજીસ્ટર દસ્તાવેજ નં.૧૧૦૧/૨૦૧૬ તારીખ : ૦૩-૦૬-૨૦૧૬ થી લહેરી ગુણવંતરાય રવજીભાઇએ ખરીદ કરેલ છે. જેની જુના સાવર ગામ ના ગામ નમુના નં.૬ માં રેવન્યુ રેકોર્ડના હક્કપત્રક નોંધ નં.૩૧૦૪ પડેલ છે. તેમજ હયાતીમાં હક્ક દાખલની નોંધ નં.૪૦૪૭ તારીખ : ૦૮-૧૨-૨૦૨૧ થી ગામ નમુના નં.૬ માં દાખલ થયેલ નોંધ મુજબ (૧) લહેરી વનિતાબેન ગુણવંતરાય અને (૨) લહેરી જયદીપ ગુણવંતરાય નું વારસાઇ હક્કે નામ દાખલ થયેલ છે આમ સદરહુ જમીન તેમની સ્વતંત્ર માલીકીની અને કબજા ભોગવટાની આવેલ છે. હાલ તેમના નામે ઉપર દર્શાવેલા નામ મુજબ રેવન્યુ રેકોર્ડમાં ચાલે છે.

ઉપરોક્ત જુના સાવર ગામના સર્વે નં.૧૦૪ પૈકી ૪ હે.આરે. ૨-૩૯-૭૫ ચો.મી.વાળી જમીન તેમની પાસેથી અમોના અસીલ ડેલા સાજીદભાઇ ગફારભાઇ વેચાણ લેવા સાટુ કરેલ છે. અને સદરહુ જમીનનાં દસ્તાવેજ કરાવવા માંગતા હોય, સદરહુ જમીનનો પાકો દસ્તાવેજ કરાવતા પહેલા સદરહુ જમીન પરત્વે કે તેમની માલીકી હક્ક બાબતે કે રસ્તા બાબતે કોઇપણ પ્રકારનો વાંધો-વચકો, લાગ-ભાગ, હક્ક હિત હિસ્સો, દર-દાવો, લ્હેણુ-લોન (બેંકો, સહકારી મંડળી કે ફાઇનાન્સ કંપની), કરજ બોજો, ગીરો, ભરણ પોષણ, વારસાઇ હક્ક, કબજા હક્ક કે અન્ય કોઇ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૧૫ (પંદર) માં નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદત વિત્યે કોઇના વાંધા તકરાર નહી આવે તો વાંધા તકરાર નથી અને હોય તો સ્વેચ્છાએ જતો (waive) કરેલ છે તેમ માની ઉપલબ્ધ ટાઇટલ ડીસ તેમજ ઇફલકસ ઓફ ટાઇમનો સિધ્ધાંત અને ડોક્ટ્રેન ઓફ એસ્ટોપલ ધ્યાને લઇ મારા અસીલશ્રી ડેલા સાજીદભાઇ ગફારભાઇ ઉપરોક્ત જમીન પરત્વેના વેચાણ વ્યવહાર પુર્ણ કરી પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કબજો સંભાળી લેશે ત્યાર બાદના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : સાવરકુંડલા
તારીખ : ૨૦-૦૯-૨૦૨૪

અમારા અસીલની સુચના અને ફરમાઇશથી
નિલેશભાઇ એન.ચૌહાણ - એડવોકેટ
સરનામું : હરીકૃષ્ણ કોમ્પલેક્ષ, મામલતદાર ઓફીસ પાસે,
મુ.સાવરકુંડલા, જી.અમરેલી, ગુજરાત મો.૯૪૨૯૮ ૭૭૭૦૭

## અમરેલી જિલ્લા ભારતીય મજદુર સંઘ દ્વારા આવેદન પાઠવાયું



અમરેલી,

અમરેલી જિલ્લા ભારતીય મજદુર સંઘ દ્વારા ઈપીએસ ૧૯૯૫ પેન્શન યોજનામાં હાલમાં સરકાર દ્વારા મહિને માત્ર હજાર જેવું પેન્શન આપવામાં આવ છે. તેમાં કેન્દ્ર સરકાર દ્વારા મહિને રૂા.૫ હજારથી વધુ પેન્શન મોંઘવારી સાથે આપવા તેમજ ઈપીએસ યોજનામાં માં અમૃતમ કાર્ડનો સમાવેશ કરવા સહિતની માંગણી સાથે જિલ્લા ભારતીય મજદુર સંઘનાં હોદ્દેદારો દ્વારા વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીને ઉદ્દેશી જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી.

## સાવરકુંડલામાં ૧૦ હજાર દિવડાની મહાઆરતી યોજાઇ



સાવરકુંડલા, ગણપતિ વિસર્જનના અવસરે સાવરકુંડલા ખાતે સદભાવના ગ્રુપ દ્વારા ૧૦ હજાર દિવડાઓની મહાઆરતી યોજવામાં આવી હતી બ્રાહ્મણો દ્વારા શ્લોક અને જાપ દ્વારા સંત શિરોમણી સંતોના સાનિધ્યમાં ભવ્ય મહાઆરતી યોજાઈ હતી ગણપતિ દાદાને વિદાઈ આપવામાં આજે વિસર્જનના છેલ્લા દિવસે ગણેશ ભક્તોમાં ભારે ભીડ ઉમટી હતી આ તકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસનો અવસર હોવાથી બ્રાહ્મણો દ્વારા વડાપ્રધાન મોદીના દીર્ઘાયુ માટે વેદ ઘોષનું ઉચ્ચારણ સંગાથે કરીને ગણપતિ વિસર્જનમાં સદભાવના ગ્રુપ દ્વારા ભવ્ય આતિષબાજી સાથે ફૂલોની વર્ષાઓ કરવામાં આવી હતી સંત શિરોમણી પૂજ્ય ઉશામૈયાના આશીર્વાદ સાથે ગણપતિ દાદા ની ભવ્ય મહા આરતીમાં ૧૦ હજાર દીવડાઓ સાથે વિશાળ સંખ્યામાં ગણેશ ભક્તો ઉમટી પડ્યા હતા ને રાત્રિના નાસિક ઢોલ સાથે ગણપતિ વિસર્જન યાત્રા શહેરના રાજમાર્ગો પર નીકળી હતી.




















**બે માળનું મકાન વેચવાનું છે**

રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી

ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે

સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

## અમરેલી શહેરની ઘટનામાં પાંચેય હવસખોરોને દાખલારૂપ મહતમ સજા ફટકારતી સ્પેશ્યલ કોર્ટ

# ગેંગરેપમાં ઐતિહાસિક ચુકાદો : પાંચને છેલ્લા શ્વાસ સુધી કેદ

**૨૦૧૯ ની સાલમાં અમરેલી શહેરમાં બનાવ બનેલ : હિંદુ નામ આપી મુસ્લિમ યુવાન સહિત પાંચ હવસખોરોએ નવમાં ધોરણની વિદ્યાર્થીની સાથે બ્લુ ફિલ્મની જેમ બળાત્કાર કર્યો હતો**

**અમરેલીનાં સ્પેશ્યલ કોર્ટના જજશ્રી ડી. એસ. શ્રીવાસ્તવે ઐતિહાસિક સીમાચિન્હરૂપ મહતમ સજા ફટકારતો ચુકાદો આપ્યો : પાંચેય આરોપીઓ છેલ્લા શ્વાસ જેલમાં લે તેવી સજા ફટકારી**



અસરત શબ્બીરભાઇ મજીઠીયા | આયન યુનુસભાઇ લુલાણીયા | જાવેદ મજીદ પઠાણ | અબુ દિલાવરભાઇ ભટ્ટી | ઇમરાન હનિફભાઇ સૈયદ

અમરેલી, (ક્રાઈમ રિર્પોટર)

અમરેલી શહેરમાં ધોરણ ૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષ કરતા પણ નાની ઉમરની બાળા ઉપર બળાત્કાર, સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય, મુખમૈથુન સહિતની બ્લુ ફિલ્મોને પણ શરમાવે તેવુ ધ્રુણાસ્પદ કૃત્ય કરનારા પાંચ હવસખોર આરોપીઓને અમરેલીની સ્પેશ્યલ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપી અને પાંચેયને જીવે ત્યાં સુધી સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરી સમાજમાં બહેન દિકરીઓ સુરક્ષીત ફરી શકે અને તેની સામે ઉંચી આંખ કરવામાં કોઈ વિચાર કરે તેવી સજા ફટકારી છે.

આ ઘટનાની વિગતો એવા પ્રકારની છે કે, અમરેલીની સિવીલ હોસ્પિટલમાં આર્થિક રીતે નબળી સ્થિતીના પરિવારની ૯ માં ધોરણમાં ભણતી દિકરીને તા. ૨૭-૬-૨૦૧૯ નારોજ અચાનક પેટમાં દુઃખાવો ઉપડતા સિવીલ હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી તેને એપેન્ડીક્સ હોવાનું સૌ માનતા હતા પણ તેમનું નિદાન થયુ ત્યારે ખબર પડી હતી કે તે ગર્ભવતી છે અને આ પરિવાર ઉપર વજ્રઘાત થયો હતો આ વિદ્યાર્થીની પરિવારે કરેલી પુછપરછમાં ખબર પડી હતી કે ચાર વિકૃત હવસખોરોએ અવાર નવાર આ વિદ્યાર્થીની ઉપર બળાત્કાર કર્યો હતો.

તા.૧-૪-૨૦૧૯થી ૨૭-૬-૧૯ એટલે કે પોણા ત્રણ મહિના સુધી હવસખોરોએ આ વિદ્યાર્થીનીને શહેરમાં ઠેબી ડેમના પાળે બાવળની કાટમાં તેણીના ઘરની પાછળ, ઠેબી નદીના કાંઠે અવાર નવાર લઈ જઈ વારંવાર સામુહીક બળાત્કાર કર્યો હતો અને આ હવસખોર પૈકીના ઈમરાન ઉર્ફે ઈમુ કાદરી યાહીયા ઉર્ફે આયન યુનુસ લુલાણીયા અને અરબાજ ઉર્ફે અબુ દિલાવરહુસેન ભટ્ટી (મજીઠીયા) એ આ વિદ્યાર્થીની પાસે મુખમૈથુન કરાવી સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરી બળાત્કાર કર્યો હતો જ્યારે અસગર ઉર્ફે અસતર સબીર મજીઠીયાએ પણ તેણી સાથે બળાત્કારની કોશીશ કરી હતી અને યાહીયા ઉર્ફે આયને તો આ વિદ્યાર્થીની ઉપર બળાત્કાર કરી અને તેના ફોટા તથા વિડીયો કલીપ ઉતારી હતી.

આ ઘટના ગંભીર હોય તે અંગે તા. ૨-૭-૨૦૧૯ ના રોજ અમરેલીનાં તત્કાલીન પીઆઈ શ્રી મહેશ મોરીએ અમરેલીના તત્કાલીન એસપીશ્રી નિર્લિપ્ત રાયના માર્ગદર્શનમાં પોતાની ટીમના રાઈટર શ્રી રમેશભાઈ વાળા, કપીલભાઈ બગડા અને શ્રી દિનેશભાઈ મકવાણા સાથે જીણવટભરી તપાસ શરૂ કરી અને આરોપીઓ ઈમરાન ઉર્ફે ઈમુ (કિસન ચંદુ સોલંકી) તે હનીફ સૈયદ કાદરીનો દિકરો યાહીયા ઉર્ફે આયન યુનુસ લુલાણીયા, જાદેવ ઉર્ફે જાવલો મજીદ પઠાણ (ખલીફા), અસગર ઉર્ફે અસતર સબીર મજીઠીયા (ખલીફા) અને અરબાજ ઉર્ફે અબુ દિલાવરહુસેન ભટ્ટી (મજીઠીયા) ની ધરપકડ કરી હતી અને તેની સામે આઈપીસી ૩૭૬ (ડી)(એ), ૩૭૬ (૨) (એલ), ૩૭૬ (૨) (એન), ૩૭૬(૩), ૩૭૭, ૩૫૪ (એ) (ડી), ૩૪૧, ૫૦૪, ૫૦૬(૨), ૫૧૧, ૩૪, ૧૧૪ તથા પોકસો એક્ટની કલમ ૪, ૬, ૮, ૧૨, ૧૪, ૧૭, ૧૮ તથા આઈટી એક્ટ ૬૭, ૬૭(એ), ૬૭(બી) હેઠળ ગુનો નોંધેલ તથા તપાસ દરમિયાન આરોપીઓએ પુર્વ આયોજીત રીતે આ ગેંગરેપ નક્કી કર્યો હોય ૧૨૦(બી) નો ઉમેરો કર્યો હતો આ કેસ અમરેલીનાં ચોથા એડીશ્યલ સેશન્સ જજ તથા સ્પેશ્યલ જજ (પોકસો) ની કોર્ટમાં ચાલી જતા તેમણે પાંચેય આરોપીઓને પોકસો તથા ઈન્ડીયન પીનલ કોડની કલમોમાં આજીવન કારાવાસ એટલે કે આરોપીઓની બાકી રહેતી કુદરતી જીંદગી સુધીની સખત કેદની સજા તથા ૨૦ હજાર દંડ તથા આઈપીસી ૫૦૬(૨) માં ૨ વર્ષની કેદ અને પાંચ હજાર દંડ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટની કલમોમાં ૨ વર્ષની કેદ પાંચ હજાર દંડ કરવાનો હુકમ કર્યો હતો અને ભોગ બનનારને ૪ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો હતો.

---

### ગરીબ પરિવારની દિકરીને ન્યાય અપાવવા માટે સરકાર દ્વારા

## નામાંકીત વકીલ શ્રી ઉત્પલ દવેની સ્પેશ્યલ વકીલ તરીકે નિમણુંક થયેલ

**શ્રી દવે સાથે જિલ્લા સરકારી વકીલ શ્રી મમતાબેન ત્રિવેદી, શ્રી જયેન્દ્ર રાજ્યગુરૂ, શ્રી વિકાસ વડેરા પણ મદદમાં રહ્યાં**





અમરેલી,

અમરેલીનાં ગેંગરેપનો ભોગ બનેલ ગરીબ પરિવારની દિકરીને ન્યાય અપાવવા માટે ગુજરાત સરકાર દ્વારા નામાંકીત વકીલ શ્રી ઉત્પલ દવેની સ્પેશ્યલ વકીલ તરીકે નિમણુંક થયેલ હતી.

શ્રી દવે સાથે જિલ્લા સરકારી વકીલ શ્રી મમતાબેન ત્રિવેદી, શ્રી જયેન્દ્ર રાજ્યગુરૂ, શ્રી વિકાસ વડેરા પણ મદદમાં રહ્યાં હતાં.

---

### ગંભીર ઘટના પ્રકાશમાં આવતા અવધ ટાઇમ્સના માધ્યમથી

## એસપીશ્રી નિર્લિપ્ત રાયએ આ ગંભીર ઘટનાને પગલે વાલીઓને જાગૃત બનવા અપીલ કરેલ

**સીટીપીઆઇ શ્રી મહેશ મોરીની ટીમને સીબીઆઇની જેમ પુરાવાઓ એકત્ર કરવા માર્ગદર્શન આપી સરકારમાંથી સ્પેશ્યલ કોર્ટમાં ડે ટુ ડે કેસ ચલાવવાનો હુકમ મેળવી સ્પેશ્યલ પીપી શ્રી ઉત્પલ દવેની નિમણુંક કરાવેલ**





અમરેલી, (ક્રાઈમ રિર્પોટર)

૯માં ધોરણની વિદ્યાર્થીની સાથે બ્લુ ફિલ્મો કરતા પણ ખરાબ રીતે થયેલા દુષ્કર્મ અને તેણીને ગર્ભ રહી ગયાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ આ ઘટનાની ગંભીરતા પારખી અમરેલીનાં તત્કાલીન એસપી અને હાલ સ્પેશ્યલ મોનીટરીંગ સેલના ડીઆઈજી શ્રી નિર્લિપ્ત રાયએ આ બનાવ અંગે તપાસ ચલાવી રહેલ સીટીપીઆઈ શ્રી મહેશ મોરી તથા રાઈટરની ટીમનાં શ્રી રમેશભાઈ વાળા, શ્રી કપીલભાઈ બગડા, શ્રી દિનેશભાઈ મકવાણાને તપાસમાં કેવા મુદાઓ અને ક્યા પ્રકારના પુરાવાઓ એકત્ર કરવાના હોય તેની જીણવટભરી માહિતી અને માર્ગદર્શન આપી સીબીઆઈની તપાસની જેમ કડીબધ્ધ પુરાવાઓ એકત્ર કરવાનું માર્ગદર્શન આપ્યું હતુ તથા આ કેસમાં આરોપીઓને કોઈ છટકબારી ન મળે તે માટે ગૃહ વિભાગમાંથી આ ઘટનાની જાણ કરી આ કેસ ડે ટુ ડે સ્પેશ્યલ કોર્ટમાં ચાલે અને તેના માટે સ્પેશ્યલ સરકારી વકીલ તરીકે નામાંકીત એડવોકેટ શ્રી ઉત્પલ દવેની નિમણુંક કરાવી હતી.

---

### ઇમરાન કાદરીએ પોતાનું નામ કિશન સોલંકી હોવાનું જણાવી બળાત્કાર કરેલ

## પોલીસની તપાસમાં ખુલ્યુ કે મુખ્ય આરોપી કિશન હકીકતમાં ઇમરાન કાદરી હતો

**ભોગબનનાર વિદ્યાર્થીનીને બહેનપણી સાથે ડેમનાં પાળે લઇ ગયેલો હતો**

અમરેલી, ચકચારી ગેંગરેપ કેસમાં મુખ્ય આરોપી ઈમરાન કાદરીએ પોતાનું નામ કિશન સોલંકી હોવાનું જણાવી બળાત્કાર કર્યો હતો. પોલીસની તપાસમાં ખુલ્યુ કે મુખ્ય આરોપી કિશન ચંદુ સોલંકી હકીકતમાં ઈમરાન ઉર્ફે ઈમુ હનીફ સૈયદ કાદરી હતો. ઈમરાન કિશન નામ ધારણ કરી ભોગબનનાર વિદ્યાર્થીનીને તેણીની બહેનપણી સાથે ડેમનાં પાળે લઈ ગયેલો હતો અને ત્યાં બળાત્કાર કર્યો હતો. ઓળખ પરેડ દરમિયાન ભોગ બનનારે જેમને કિશન તરીકે ઓળખ્યો તે ઈમરાન હોવાનું ખુલતા પોલીસ પણ ચોકી ઉઠી હતી.

---

### આરોપીઓનાં વકીલોની હળવી સજા કરવાની અરજને નામંજુર કરતી કોર્ટ

## આરોપીઓને હળવી સજા કરવામાં આવે તો સમાજમાં કોઇ સગીર દિકરીઓ સુરક્ષીત ન રહે : કોર્ટ

**આવા ક્રુરતાભર્યા કૃત્યો કરતા પહેલા અન્ય વ્યક્તિઓ ગભરાય તે માટે દાખલો બેસાડવા આરોપીઓને મહત્તમમાં મહત્તમ સજા કરવી જોઇએ**

અમરેલી,

અમરેલીનાં ગેંગરેપ કેસમાં પાંચેય આરોપીઓનાં વકીલોની આરોપીઓને હળવી સજા કરવાની અરજને નામંજુર કરી કોર્ટે ચુકાદામાં ટાક્યુ હતુ કે, સગીરવયની દિકરીને જે પરિસ્થિતિનો સામનો કરવો પડેલ છે તે તમામ હકીકતને ધ્યાને લેતા આરોપીઓને હળવી સજા કરવી ન્યાયોચિક જણાતુ નથી. જો આવા ગંભીર અને ક્રુરતાભર્યા અને હિન પ્રકારનાં કૃત્યમાં પણ આરોપીઓને હળવી સજા સરવામાં આવે તો સમાજમાં આવા કૃત્યો વધતા રહ અને સમાજમાં કોઈ સગીરવયની દિકરીઓ સુરક્ષીત ન રહે અને આવા હેવાનીયતભર્યા કૃત્યો કરતા કોઈ ડરે નહીં. જેથી ભવિષ્યમાં આવુ કામ કરતા અન્ય વ્યક્તિઓ બોધ લે તે માટે આરોપીઓને મહત્તમમાં મહત્તમ સજા કરવી જોઈએ તો જ ન્યાયનો હેતુ સરે તેમ છે.

ચુકાદામાં ઉપર મુજબનાં વિધાનો સાથે અમરેલીની સ્પેશ્યલ કોર્ટનાં જજ શ્રી ડી.એસ.શ્રીવાસ્તવે કદાચ પહેલી વખત જ ભારતમાં ઐતિહાસિક રીતે ગેંગરેપ કેસમાં આરોપીઓને જીવે ત્યાં સુધીની સજા ફટકારી છે.

---

## સજા પામનાર આરોપીઓની કુંડળી

(૧) ઈમરાન ઉર્ફે ઈમુ (કિશન ચંદુ સોલંકી) તે હનીફભાઈ સૈયદ (કાદરી) ઉ.વ. ૨૫ ધંધો મજુરી અને જુના મોબાઈલ લે વેચ, રહે. અમરેલી, મોટા કસબાવાડ, જુમ્મા મસ્જીદ પાસે ધનજી ધોળાનાં નાકામાં

(૨) યાહીયા ઉર્ફે આયન યુનુસભાઈ લુલાણીયા ઉ.વ. ૨૦, ધંધો રીક્ષા ડ્રાઈવીંગ, રહે.અમરેલી જૈન દેરાસર પાસે, પાણી દરવાજા રોડ.

(૩) જાવેદ ઉર્ફે જાવલો મજીદભાઈ પઠાણ (ખલીફા) ઉ.વ. ૨૨, ધંધો અમી મેડીકલ એજન્સીમાં પ્રાઈવેટ નોકરી, રહે. જૈન દેરાસર પાસે, નંદની ડેરી સામે, પાણી દરવાજા રોડ અમરેલી

(૪) અસગર ઉર્ફે અસતર સબ્બીરભાઈ મજીઠીયા (ખલીફા) ઉ.વ. ૨૨, ધંધો હેર કટીંગ ખલીફા હેર કટીંગ દુકાનમાં, રહે. જૈન દેરાસર પાસે, ખત્રીવાડ અમરેલી.

(૫) અરબાઝ ઉર્ફે અબ્બુ દીલાવરભાઈ હુસૈનભાઈ ભટ્ટી (મજીઠીયા) ઉ.વ. ૧૯, ધંધો. મેળાની મજુરી, રહે. અમરેલી કસબાવાડ, ખત્રીવાડ, જુમ્મા મસ્જીદ પાસે, બારૂની બાપુની ખંટીની સામે, રજાકભાઈ બકાલી ઉર્ફે ભાણાભાઈ ઘાંચીનાં મકાન ભાડેથી, મુળ. સુરેન્દ્રનગર, ટાવર પાસે, ઘાંચીવાડ હજામ શેરી.

---

### બળાત્કાર કરતી વખતે ઉતારેલ ક્લિપ ભારે પડી

## આરોપીનાં ફોનમાંથી જ વિકૃત કુકર્મની વિડીયો ક્લીપ મળી

**સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય અને મુખ મૈથુનની ક્લીપ આરોપી યાહીયા ઉર્ફે આયનનાં મોબાઇલમાંથી મળી**

અમરેલી, ઠેબી ડેમનાં કાંઠે બાવળની કાટમાં ઉતારેલી ક્લીપ આરોપીઓને ભારે પડી હતી. સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય અને મુખ મૈથુનની ક્લીપ આરોપી યાહીયા ઉર્ફે આયનનાં મોબાઈલમાંથી મળી આવેલ જેને પોલીસે કબ્જે લઈ ચકાસણી કરાવતા તે અસલ હોવાનું સાબીત થયું હતું.

---

### અવસાન નોંધ

રાજુલા

લીનાબેન યોગેશભાઈ મણીયાર, ઉ.વ.૫૬ તે રાજના માતુશ્રી તથા સ્વ. રસીકલાલ અમૃતલાલ મણીયારના પુત્રવધુ સ્વ.દિનેશભાઈ મણીયાર બોમ્બે, અશ્વિનભાઈ એડવોકેટના ભત્રીજા વહુ, રાજેશભાઈ ઓરીએન્ટલ વાળા, સ્વ. સંજયભાઈ જામનગર તથા જયશ્રીબેન સંજયકુમાર કક્કડ (વેરાવળ) ના ભાભી તથા મુકેશભાઈ જેન્તીલાલ છગતાલાળા તથા સ્વ. કમલેશભાઈ જે. છગના બેન શ્રીજીચરણ પામેલ છે સદગતનું ઉઠમણુ અને પિયર પક્ષની સાદડી તેમના નિવાસ સ્થાન નોબલ ટાવર ૬૦૧ નહેરૂ પાર્ક સોસાયટી જુનાગઢ ખાતે તા.૧૯ ગુરૂવારે સાંજે ૫ થી ૬ રાખેલ છે.

---

### શ્રી નિર્લિપ્ત રાયની તપાસની પધ્ધતિ આરોપીઓ માટે સજાનું કારણ બની

## વિદ્યાર્થીનીનાં દોઢ માસનાં ગર્ભનું ડીએનએ આરોપી સાથે મેચ થયું

**કેસ દરમિયાન ભોગ બનનારનાં પિતાને પ્રલોભન પણ અપાયાની ચર્ચા**

અમરેલી, અમરેલીનાં તત્કાલીક એસપી શ્રી નિર્લિપ્ત રાયની તપાસની પધ્ધતિ આરોપીઓ માટે સજાનું કારણ બની હતી. તપાસ દરમિયાન વિદ્યાર્થીનીનાં દોઢ માસનાં ગર્ભનો ડીએનએ રિપોર્ટ આરોપી સાથે મેચ થયો હતો. દરમિયાન આ કેસમાં વિદ્યાર્થીનીનાં ગરીબ પિતાને મોટી રકમનું પ્રલોભન પણ આપવામાં આવ્યું હોવાનું ચર્ચાયું હતું.

---

**રાજુલાના મહે.એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા**

મરણ અરજ નં.૩૫૦/૨૦૨૪

અરજદાર :- મધુભાઈ આપાભાઈ બોરીચા રહે.કાતર, તા.રાજુલા

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી કાતર ગ્રામ પંચાયત

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મોજે કાતર, તા.રાજુલા, જી.અમરેલી ગામના અરજદારશ્રી મધુભાઈ આપાભાઈ બોરીચાએ તેમના પિતા સ્વ.આપાભાઈ ભીખાભાઈ બોરીચાનું મરણ તા.૭-૭-૨૦૦૭ ના રોજ મરણ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી વી.એમ.લાલવાણી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના મરણની નોંધ મરણ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૦-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૦-૦૯-૨૦૨૪

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા







**રાજુલાના મહે.એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.રાજુલા**

જન્મ અરજ નં.૩૪૯/૨૦૨૪

અરજદાર :- પરમાર મુનાભાઈ કિશોરભાઈ રહે.બાબરીયાધાર, તા.રાજુલા

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી બાબરીયાધાર ગ્રામ પંચાયત

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, મોજે બાબરીયાધાર, તા.રાજુલા, જી.અમરેલી ગામના અરજદારશ્રી પરમાર મુનાભાઈ કિશોરભાઈએ તેમના સંતાન નામે અજિત મુનાભાઈ પરમારનો જન્મ તા.૩૧-૫-૨૦૧૬ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી વી.એમ.લાલવાણી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મની નોંધ જન્મ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૦-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧૦-૦૯-૨૦૨૪

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૦-૦૯-૨૦૨૪ શુક્રવાર

# મોદીની ત્રીજી ઈનિંગના પ્રથમ સો દિવસનું કાચું સરવૈયું દેશનું સર્વગ્રાહી ઉજળું ચિત્ર બતાવે છે

નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ત્રીજી ટર્મનું સુખ ભોગવી રહેલી એનડીએ સરકારે તેના કાર્યકાળના ૧૦૦ દિવસ પૂરા કર્યા. યોગાનુયોગ, મંગળવાર પણ મોદીનો ૭૪મો જન્મદિવસ હતો, જેને સરકારે કહ્યું હતું કે ઘણા વિભાગો દ્વારા 'સેવાપખવાડા'ની શરૂઆત તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. આ પખવાડિયું ૨ ઓક્ટોબરે સમાપ્ત થશે.

કેન્દ્ર સરકારે પહેલા ૧૦૦ દિવસમાં ઘણા નિર્ણયો લીધા છે, જેમાં ઘણા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને મંજુરી આપવાનો સમાવેશ થાય છે. મોટા નિર્ણયોની વાત કરીએ તો, કેન્દ્ર સરકારે ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ વૃદ્ધો માટે આયુષ્માન ભારત યોજનાને મંજુરી આપી છે. સરકારની તિજોરી પર ઘણો નવો બોજ પડશે પરંતુ ૭૦ વર્ષ પછીના નાગરિકો માટે આ એક મોટું આશ્વાસન છે. હવે સમાજમાં પેન્શનરોની સંખ્યા ઘટતી જાય છે અને વિજ્ઞાનના શોધ સંશોધનોને કારણે આયુષ્ય લાંબુ થતું જાય છે તો જે લોકોને પેન્શન આવતું નથી એવો સમાજ ધીરે ધીરે મોટો થતો જાય છે.

હવે એના આરોગ્ય માટેના ખર્ચની જવાબદારી પરિવાર પર નાખવામાં આવે તો આ જમાનામાં પરિવારો એ સહન કરી શકે એમ નથી. એટલે બહુ મોટા ધર્મસંકટના પ્રશ્નો ઊભા થાય છે. લાગણી હોય તો પણ માતા પિતાની સારવાર કરાવી ન શકતા દંપતીઓ માટે જીવન દોહ્યલું બની જાય છે. મર્યાદિત આવકમાં એક તરફ પોતાના સંતાનોનો ઉછેર કરવો અને બીજી તરફ આરોગ્ય સંભાળ લેવી આ બે છેડા ભેગા કરવા બહુ અઘરા છે

દેશની ઉત્પાદન ક્ષમતા વધારવાના સંદર્ભમાં, જે રોજગાર પેદા કરવા માટે જરૂરી છે, સરકારે ૧૨ ઔદ્યોગિક વિસ્તારોમાં ઔદ્યોગિક કોરિડોર કાર્યક્રમ શરૂ કરવાની જાહેરાત કરી છે. રોજગારના મુદ્દાને ઉકેલવા માટે, નવી સરકારના પ્રથમ સંપૂર્ણ બજેટમાં લોકોને નોકરી પર રાખવા માટે કંપનીઓ માટે પ્રોત્સાહનોની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત દેશની ટોચની ૫૦૦ કંપનીઓમાં ઈન્ટર્નશિપની પણ જાહેરાત કરવામાં આવી હતી. જો કે એના ફોલોઅપનું જટિલ કામ હજુ બાકી છે.

સરકારે પ્રથમ ૧૦૦ દિવસમાં ઘણા નિર્ણયો લીધા છે, જેનો વ્યાપક સંદેશ એ છે કે સુધારાની પ્રક્રિયા તબક્કાવાર ચાલુ રહેશે. કેબિનેટ મિટિંગમાં પણ આ જ ચિત્ર દેખાતું હતું. જો કે, આ સરકારનું માળખું અગાઉની બે સરકારો કરતાં ઘણું અલગ છે. ૨૦૧૪ પછી પ્રથમ વખત, ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી સરકાર તેના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન ભાગીદારો પર નિર્ભર છે. જો પ્રથમ ૧૦૦ દિવસ કોઈ સંકેત આપે છે, તો તેણે આગળ જતા ભાગીદારો સાથે વધુ પરામર્શ અને સંકલનમાં કામ કરવું પડશે.

પાછલા દરવાજેથી સીધી ભરતીના નિર્ણયને પાછો ખેંચવામાં પણ આ દેખાતું હતું. મહાગઠબંધનના ઘણા મહત્વપૂર્ણ ભાગીદારોએ અનામતના મુદ્દે પ્રશ્નો ઉઠાવ્યા હતા. વધુમાં, સરકારને હવે વધુ અવાજવાળા અને ઉત્સાહિત વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે, ત્વિક સૌને રજૂઆત સમજ અને ના સમજ બંને યુક્ત હોય છે એનો સામનો કરવાનું કામ ભાજપ માટે આસાન નથી ખુદ રાહુલ ગાંધી પણ સદાય મેચ્યોર વર્તન કરતા નથી. તેમના પણ કેટલાક બાલિશ પ્રશ્નો હોય છે, જેનો જવાબ આપવો એનડીએને અઘરો પડે છે.

જ્યારે સરકારો અને રાજકીય સંસ્થાઓ ઘણીવાર ઘટનાઓ અને ઘણા પરિબળોથી પ્રભાવિત હોય છે, ત્યારે બાહ્ય પડકારો પણ ઉભા થાય છે, પરંતુ પ્રથમ ૧૦૦ દિવસની કામગીરીને જોતા, ચર્ચા થઈ શકે છે કે આર્થિક નિર્ણય લેવાની પ્રક્રિયા કેવી રીતે આગળ વધશે?

બજેટ બતાવે છે તેમ, સરકાર વૃદ્ધિ અને મધ્યમ ગાળાની સંભવિતતાને ચલાવવા માટે મોટા જાહેર ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખી શકે છે. સરકારે રાજકોષીય એકત્રીકરણ માટે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે અને સુધારેલા માળખા વિશે પણ વાત કરી છે જેને વધુ સ્પષ્ટ કરવાની જરૂર છે.

તે જોવાનું રસપ્રદ રહેશે કે સરકાર કેવી રીતે રાજકોષીય એકત્રીકરણ અને ઊંચા મૂડી ખર્ચ વચ્ચે સંતુલન જાળવી રાખે છે. મેક્રો-ઈકોનોમિક રિફોર્મ્સ વિશે વાત કરીએ તો, તેમાં વધુ મુશ્કેલી ન હોવી જોઈએ કારણ કે આ પડકારો તબક્કાવાર છે અને યોગ્ય પરામર્શ પછી જ હાથ ધરવામાં આવશે. સરકાર મૂડી સબસિડી અને ઉત્પાદન સાથે જોડાયેલા પ્રોત્સાહનો પણ આપવાનું ચાલુ રાખી શકે છે જેથી કરીને દેશના ઔદ્યોગિક આધારને મજબૂત કરી શકાય.

જો કે, દેશને મુખ્ય ઉત્પાદન પાવરહાઉસ અને વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં એક મહત્વપૂર્ણ ખેલાડી બનાવવા માટે આ પૂરતું નથી. ઉત્પાદન વધારવા અને રોજગારીનું સર્જન કરવા માટે આ જરૂરી છે. આ સંદર્ભમાં, બજેટમાં જાહેર કર્યા મુજબ, સરકાર કસ્ટમ ડ્યુટી માળખાને સુવ્યવસ્થિત કરવા અને વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરવા માટે તેની વ્યાપક સમીક્ષા હાથ ધરશે. જ્યારે આ મોરચે શું થઈ રહ્યું છે તેના પર વધુ માહિતી ઉપલબ્ધ નથી, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે સમીક્ષા દરો નોંધપાત્ર રીતે ઘટાડવા અને ભારતીય ઉત્પાદકોને વૈશ્વિક અને પ્રાદેશિક મૂલ્ય શૃંખલાઓમાં એકીકૃત કરવા માટે પૂરતા મહત્વાકાંક્ષી બનાવવા તરફ ધ્યાન આપવું જરૂરી છે. એકંદરે, ઈતિહાસ બતાવે છે કે દેશમાં ગઠબંધન સરકારો આર્થિક સુધારાઓ લાગુ કરવા સક્ષમ છે, જો કે આવા પગલાં સારી રીતે ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે અને એમાં સાહસની જરૂર પડે છે. 'એક દેશ, એક ચૂંટણી' અને સમાન નાગરિક સંહિતા જેવા રાજકીય વિચારોને લાગુ કરવામાં સરકારને ચોક્કસપણે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

## પ્રૌઢાની ગેરહાજરીમાં વારસદાર હોવા છતા હકક છુપાવી

# ખાંભા નજીક સરાકડીયા ગામે કુટુંબીઓએ ખોટું પેઢીનામુ બનાવીને જમીન પડાવી લીધી

### ૮ વીઘા ખેતીની જમીનમાં વારસાઈ નોંધ પડાવી તેમના ખાતે કરાવ્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

ખાંભા તાલુકાના સરાકડીયા ગામે તથા ખાંભામાં મુળ તાતણીયા હાલ સુરત રહેતા સવિતાબેન પ્રાગજીભાઈ પુંભડીયા ઉ.વ. ૪૮ તે હકાભાઈ કાનાભાઈ વરીયાની દિકરીની ગેરહાજરીમાં તેની જાણ બહાર તેઓ તેમના પિતાના એકના એક સંતાન વારસદાર હોવા છતા તેમનો કાયદેસર વારસાઈ હકછુપાવી વલ્લભ કાનાભાઈ વરીયાએ તેમના નામનું રજી.નં. ૧૩૨૫/ ૨૦૧૯ની તા. ૨૭-૫-૨૦૧૯થી નોટરી રજીસ્ટ્રેશનવાળું ખોટુ સોંગદનામું તૈયાર કરી તેમાં સવિતાબેનના પિતા અને કોઈ સંતાન નહી હોવાની વિગત દર્શાવેલ અને વિનુ નરશીભાઈ આંબલીયા, નટુ મોહનભાઈ દેવાણી , નાગજી પ્રાગજીભાઈ વરીયાએ સવિતાબેનના ગામના વતની હોવાનું અને તેમના પિતાના સંતાન હોવાનું અગાઉથી જાણવા છતા પેઢીનામામાં સવિતાબેનના દાદા કાનાભાઈ વાલાભાઈ વરીયાના તેમના પિતા હકાભાઈના મૃત્યું બાદ સીધીલીટીના વારસદારોમાં સવિતાબેન તથા તેમના માતા બંને હોવાનું જાણવા છતા માતાને એકને જ સીધી લીટીના વારસદાર દર્શાવી કાયદેસર સવિતાબેનનો વારસાઈ હક છુપાવી પેઢીનામુ ખોટું હોવાનું જાણવા છતા તેમા પંચો તરીકે પોતાની સહીઓ કરી પેઢીનામું તૈયાર કરવામાં વલ્લભ કાનાભાઈ, ભરત વલ્લભભાઈ વરીયાએ મદદગારી કરેલ હોય. અને સોગદનામું તથા પેઢીનામું ખોટું હોવાનું જાણવા છતા બદદાનતથી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ખાંભાના મહેસુલ મામલતદાર કચેરીમાં સવિતાબેનના દાદા કાનાભાઈ વાલાભાઈ વરીયાની મોટા સરાકડીયા ગામે ખાતા નં. ૬ના સર્વે નં. ૧૦/૩ કુલ ૮ વીઘા ખેતીની જમીનમાં વારસાઈ નોંધ પડાવી તે જમીન સવિતાબેનના દાદાના ખાતેથી ભરત વલ્લભભાઈ વરીયાએ તેમના ખાતે કરાવી લઈ ગુનો કર્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## સાવરકુંડલામાં મોબાઈલ ચોરાયો

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

સાવરકુંડલામાં રહેતા હમીરભાઈ વાઘજીભાઈ સોલંકીની દિકરી તેમના ઘર આગળ ડેલા બહાર મોબાઈલ લઈને લેશન કરતી હોય. અને તે પાણી પીવા માટે ઘરમાં આવેલ. તે દરમ્યાન વીવો કંપનીનો સીમ સાથેનો રૂ/.૮૦૦૦ ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી અને ચોત્રામાં કમોતના વધુ બે બનાવો

### ચોત્રામાં સીમમાંથી યુવાનની લાશ મળી , અમરેલીમાં વૃધ્ધાનું ઝેરી દવા પી જતા મોત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં દિનપ્રતિદિન કમોતના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. ચોત્રામાં સીમમાંથી યુવાનની લાશ મળી, અમરેલીમાં વૃધ્ધાનું ઝેરી દવા પી જતા મોત નિપજયું હતું. રાજુલા તાલુકાના ચોત્રા પ્લોટ વિસ્તારમાં રહેતા શૈલેષભાઈ રકાભાઈ વાઘેલા ઉ.વ. ૨૦ તા. ૧૭-૯ ના બપોરપછી પોણા ચારેક વાગ્યે ઘરેથી ગામમાં ગયેલ હોય. અને રાત્રિના આશરે આઠેક વાગ્યે કોઈ અગમ્ય કારણોસર મરણજનારની લાશ ભુપતભાઈ રાદડીયાની વાડીના શેઢા પાસેથી મળી આવ્યાનું પિતા રકાભાઈ નાથાભાઈ વાઘેલાએ રાજુલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે. જયાર બીજા બનાવમાં અમરેલી ચિતલ રોડ ગુરૂકૃપા નગરમાં રહેતા હંસાબેન રતીલાલ વ્યાસ ઉ.વ. ૭૭ને છેલ્લા ત્રણેક વર્ષથી હદયની બિમારી હોય. અને નળી બ્લોક થતા બે સ્ટ્રેન્થ બેસાડેલ હોય. બંને પગની ગાદી ઘસાઈ જતા ગોઠણનો દુખાવો તેમજ બીપી અને ડાયાબીટીસ જેવી બિમારી હોવાથી કંટાળી જઈ ઝેરી દવા પી જતા પ્રથમ ગુણાતીત હોસ્પિટલ અને ત્યાંથી અમરેલી સિવિલ હોસ્પિટલ લાવતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યાનું મૈત્રિકભાઈ કૃષ્ણકાંતભાઈ વ્યાસે અમરેલી સીટી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# છતડીયાથી વડ જવાના રસ્તે પુલ નજીક પરીણીતા ઉપર હુમલો કર્યો

### પતિ તથા તેની સાથેની મહિલાએ મારમારી મદદગારી કરી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) રાજુલા તાલુકાના છતડીયા ગામના વડ જવાના રોડે પુલ નજીક મીતીયાળા ગામની મનિષાબેન સુરેશભાઈ પરમાર ઉ.વ. ૨૪ ના પતિ સુરેશ ભીખાભાઈ પરમારે બીજા લગ્ન કરેલ હોય. જેથી મનિષાબેનને પોતાની સાથે રાખવા માંગતા ન હોય. તા. ૧૦-૯ ના બપોરના ૨ વાગ્યે મનિષાબેન પોતાની દિકરી સંધ્યા સાથે છતડીયાથી વડ જવાના રોડે પુલ નજીક ઉભા હતા. તે દરમ્યાન સુરેશ બાઈક લઈ આવી તું અહીંયા કેમ ઉભેલ છો. તેમ કહી ઉશ્કેરાઈ ઝાપટ મારી સુરેશની પાછળ બાઈકમાં બેઠેલ અજાણી મહિલાએ ગાળો બોલી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભાના પીપળવા જવાના રસ્તે પ્રૌઢાને બાઈકે હડફેટે ચડાવ્યા

### બાઈક ભટકાવી ગોઠણના ભાગે ફેકચર કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ખાંભા તાલુકાના તાતણીયા ગામે રહેતા જયશ્રીબેન મગનભાઈ તરસરીયા ઉ.વ. ૪૦ તથા હંસાબેન નનુભાઈ પાંડવ બંને ચાલીને તુવેર નીંદવા માટે પીપળવા જવાના રસ્તેથી છગનભાઈ જીકાદ્રાની વાડીએ જતા હતા. તે દરમ્યાન રમેશભાઈ પીપળીયાના ખેતર નજીક પહોંચતા તાતણીયા ગામના વાલજી જાદવભાઈ પીપળીયા પોતાનું બાઈક પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી જયશ્રીબેનને પાછળથી પગમાં ભટકાવી પછાડી ગોઠણના ભાગે ફેકચર કરી ગુનો કર્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ખેતરમાં જવાના રસ્તામાં થાંભલા ખોડવાની ના પાડતા

# ધારીના નાના સમઢીયાળા ગામની સીમમાં વૃધ્ધ ઉપર હુમલો કરાયો

### બે શખ્સોએ પાઈપ અને ઢીકાપાટું વડે મારમારી ઈજા કરી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના નાના સમઢીયાળા ગામની સીમમાં કમીકેરાળાના દિનેશભાઈ બાબુભાઈ શીરોયા ઉ.વ. ૬૦ના ખેતરમાં જવાના કાચા રસ્તે જેરામ પોપટભાઈ , મનસુખ પોપટભાઈ ડોબરીયા રહે. નાના સમઢીયાળાવાળા સીમેન્ટના થાંભલા ખોડતા હોય. જેથી દિનેશભાઈએ કહેલ કે અમને શું કામ કનડગત કરોછો. તેમ કહી થાંભલા ખોડવાની ના પાડતા સારૂ નહી લાગતા જેરામ પોપટભાઈ ડોબરીયાએ જેમ ફાવે તેમ ગાળો બોલી મનસુખ પોપટભાઈ ડોબરીયાએ પાઈપના બે ઘા જમણા ખંભા ઉપર મારી શર્ટ પકડી પછાડી જેરામે આડેધડ ઢીકાપાટું વડે મારમારી મુંઢ ઈજા કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સરકારી પીપળવામાં બે જુથ વચ્ચે મારામારી

### ઝપાઝપી કરી પછાડી લાકડી વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) લાઠી તાલુકાના સરકારી પીપળવા ગામે રહેતા કાળુભાઈ ગોવિંદભાઈ પરમાર ઉ.વ. ૩૦ ઘર પાસે આવેલ બજારે જતા હોય. ત્યારે તેમના પત્નિ સાથે વંદનાબેન હકાભાઈ તથા રીંકલબેન ભાવિનભાઈ નાગલા ગાળો બોલતા હોય. જેથી કાળુભાઈ તેમના પત્નિને સમજાવી ઘરે લઈ જતા હોય તે દરમ્યાન ભાવિન હકાભાઈ નાગલાએ કાળુભાઈ સાથે ઝપાઝપી કરી પછાડી મુંઢ ઈજાઓ કરી ટીશર્ટ પકડી ઢસડી જમણા પગના ગોઠણમાં સામાન્ય ઈજા કરી માથામાં લાકડાની વાસાની પટીનો એક ઘા મારી પતિ પત્નિને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે રીંકલબેન ભાવિનભાઈ નાગલા ઉ.વ. ૨૬ પોતાના ઘર પાસે બજારમાં પોતાની દિકરીને સુવડાવતા હોય. તે દરમ્યાન નયનાબેન કાળુભાઈ પરમારે આવીને રીંકલબેન તથા તેના સાસુને ગાળો બોલી કાળુ ગોવિંદભાઈ પરમાર લાકડી લઈ આવી ગાળો બોલી ડાબા ગાલે લાફો મારી વાસામાં લાકડીનો ઘા મારતા વચ્ચે પડતા રીંકલબેનને જમણા ગાલે લાફો મારી સાસુ વહુને જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ચલાલામાં ટ્રાફીકને અડચણરૂબ બે લારીધારકો સામે ગુનો નોંધાયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ચલાલા બસસ્ટેન્ડ નજીક ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે ચાની લારી ઈલીયાસ હસનભાઈ રાઠોડ તથા લાલજી મનજીભાઈ સાપરીયા ગાઠીયા તથા નાસ્તા બનાવવાની લારી અડચણરૂપ રાખી મળી આવી ગુનો કર્યાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગીરસોમનાથના તાલાળામાં ૬ વર્ષની બાળકીમાં કાવાસાકીની લક્ષણ જોવા મળતાં સારવારમાં જુનાગઢ ખસેડાઇ

# બગસરામાં જેસિઝગ્રૃપ દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાનકેમ્પ યોજાશે

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૭-૯-૨૦૨૪ને શુક્રવારના રોજ ગૌ.વા.ગોદાવરીબેન ગોરધનદાસ ભરખડા તથા ગૌ.વા.ગોરધનદાસ ગોપાલજીભાઈ ભરખડાના સ્મરણાર્થે હા. વિનોદરાય ગોરધનદાસ ભરખડા પરિવાર-બગસરાના સૌજન્યથી ૬૦૪ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રીરણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે પરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે. રેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે. કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા. ૨૭-૯-૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૦.૯.૨૦૨૪ શુક્રવાર ,સંવંત ૨૦૮૦ ભાદરવા સુદ વદ ત્રીજ, અશ્વિની નક્ષત્ર , ધ્રુવ યોગ, વણિજ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે.

### બે ગ્રહણ વચ્ચેનો સમય : આરંભ અને અંત નું યુદ્ધ

બે ગ્રહણ વચ્ચેના સમયમાં બુદ્ધિની રાશિ મિથુનમાં ધીમી ચાલે ચાલી રહેલા સેનાપતિ મંગળ મહારાજ યુદ્ધને અલગ અલગ પદ્ધતિથી ડર વડે આગળ ધપાવી રહ્યા છે અને મનોબળ ભંગ કરવા માટે પેજર અને રેડીઓસેટ વગેરેનો ઉપયોગ થયો છે જે બુધનું શાણપણ દર્શાવે છે મંગળ મહારાજ ધીમી ચાલે વિચારી વિચારીને પગલાં ભરી રહ્યા છે કેમ કે આ વખતે મિથુનમાં તે લાંબો સમય રહેનાર છે મિથુન રાશિ કમ્યુનિકેશનની રાશિ છે માટે આ સમયમાં કમ્યુનિકેશન અને તેના સાધનો નિશાન પર છે અને કમ્યુનિકેશન યુદ્ધમાં મહત્વનો મુદ્દો બની



રહેશે જો કે વાટાઘાટો માટે અવકાશ રહેશે પણ આગામી દિવસો સંઘર્ષથી ભરપૂર જોવા મળશે વળી ૨ ઓકટોબરના આ વર્ષનું છેલ્લું કંકણાકૃતિ સૂર્યગ્રહણ આવી રહ્યું છે જે ભારત માં દેખાવાનું નથી તેથી પાળવાનું નથી પણ તેની વિશ્વવ્યાપી અસર જોવા મળશે. આ ગ્રહણ હસ્ત નક્ષત્ર અને કન્યા રાશિમાં થનારું છે જે પૃથ્વી પર સમસ્યાઓ નો રાફડો અને સંઘર્ષ દર્શાવે છે અને વર્ષના આ છેલ્લા બે ગ્રહણ માનવજાતને વિચારતી કરી મુકવા માટે કાફી છે.!!બે ગ્રહણ વચ્ચેનો સમય જાણે આરંભ અને અંત વચ્ચેનું યુદ્ધ હોય તેવું લાગી રહ્યું છે.

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે .
વૃષભ (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાં થી માર્ગ મળે, મધ્યમ દિવસ.
મિથુન (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.
કર્ક (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.
સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંસા મળે, શુભ દિન.
કન્યા (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
વૃશ્ચિક (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): વિવાનહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
કુંભ (ગ,સ,શ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

## યુવતિને પ્રેમસબંધ હોય ઘરેથી કહયા વગર લાઠી આવી ગયેલ

# લાઠી શહેરમાં યુવતિને પ્રેમીના ભાઈએ મારમારી છેડતી કરી

### છેડતી કરી મારમારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) શિહોર તાલુકાના વાવ ગામની યુવતિને લાઠીના આરોપીના નાનાભાઈ હાર્દિક સાથે પ્રેમસબંધ હોય જેથી યુવતિના ઘરે ખબર પડી જતા તેમને ઠપકો આપતા પોતાના ઘરેથી કહયા વગર લાઠી આવી ગયેલ હોય. અને હાર્દિકના ભુરખીયા રોડ ઉપર આવેલ બીજા મકાને હોય. તે દરમ્યાન હાર્દિકનો મોટો ભાઈ નિકુલ દિનેશભાઈ મકવાણા મકાને આવી હાર્દિકને ગાળો બોલી મારમારી કહેક કે તું આ છોકરીને શા માટે લાવેલ છો. હું તેને તેના ઘરે મુકી આવું છું. તેમ કહી હાર્દિકને ત્યાંથી તેના બીજા મકાને મોકલી દઈ નિકુલે છેડતી કરતા ના પાડતા લાફો મારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી નિકુલ તથા તેના કાકાના દિકરાએ યુવતિને ઘરે મુકવાનું કહી બાઈકમાં બેસાડી રસ્તામાં ગાળો બોલી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની લાઠી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદ નજીક કાગવદર ગામેથી સગીરાને વાલીપણામાંથી ભગાડી જવાઈ

### મુળ માંડળ હાલ સુરત રહેતો શખ્સ ભગાડી ગયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) જાફરાબાદ તાલુકાના કાગવદર ગામે રહેતી સગીરાને મુળ રાજુલા તાલુકાના માંડળ ગામનો હાલ સુરત રહેતો પરેશ બાબુભાઈ લાડુમોર લલચાવી ફોસલાવી વાલીપણામાંથી ભગાડી ગયાની સગીરાની માતાએ નાગેશ્રી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાબરકાંઠાના ઇડર ખેડબ્રહ્મા હાઇવે પર ટ્રક અને બાઇક વચ્ચે અકસ્માતમાં ૨ના મોત

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૫૦ થી ૧૬૭૦ મગફળી ૮૦૫ થી ૧૧૩૪

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૯૩૮-૧૦૮૦
શિંગમોટી-૮૦૫-૧૧૩૪
શીંગફાડા-૧૦૦૦-૧૨૮૦
તલસફેદ-૧૭૭૫-૨૮૭૫
તલકાળા-૨૫૨૨-૩૮૦૫
બાજરો-૩૫૦-૫૨૮
ઘઉંટુકડા-૪૫૫-૫૯૯
ઘઉંલોકવન-૫૧૧-૫૭૬
તલકાશ્મીરી-૩૨૫૦-૩૪૨૭
ચણા-૧૧૧૦-૧૫૫૧
કપાસ-૯૫૦-૧૬૭૦
જુવાર-૪૫૭-૫૦૯
ધાણા-૯૧૫-૧૩૫૦
મેથી-૯૫૫-૧૧૦૮
સોયાબીન-૭૦૦-૮૮૧
અડદ-૯૦૦-૧૫૩૦
મગ-૬૦૦-૧૨૦૦
જીરૂ-૪૩૮૦-૪૭૭૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૦૦-૫૧૦
રીંગણા-૮૫૦-૧૦૦૦
ફલાવર-૫૦૦-૭૦૦
કોબીઝ-૩૦૦-૪૩૦
ટમેટાં-૮૦૦-૧૦૫૦
ફોદીનો-૮૦૦-૯૫૦
ગાજર-૪૮૦-૬૩૦
ગલકા-૩૫૦-૪૫૦
કાકડી-૪૦૦-૫૦૦
ગુવાર-૧૦૦૦-૧૪૦૦
દુધી-૨૦૦-૩૦૦
તુરીયા-૪૦૦-૫૫૦
ભીડો-૨૨૦-૩૩૦
આદુ-૮૦૦-૯૦૦
કોથમીર-૩૫૦૦-૪૦૦૦
મેથીભાજી-૨૦૦૦-૨૫૦૦
ટીંડોરા-૯૦૦-૧૦૦૦
લીમડોમીઠો-૧૦૦-૧૨૦
મરચાલીલા-૫૨૦-૯૦૦
મુળા-૫૦૦-૬૦૦
લીંબુ-૧૬૦૦-૨૦૦૦
પાલક-૧૦૦૦-૧૨૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૫૧-૫૨૮
ચણા-૧૦૦૦-૧૩૫૧
ઘઉં-૪૮૫-૬૨૭
જુવાર-૪૭૦-૮૫૧
તુવેર-૧૫૫૧-૧૫૫૧
તલસફેદ-૨૩૪૧-૨૬૭૦
જીરૂ-૨૦૦૦-૪૩૦૧
રાય-૧૦૫૦-૧૦૫૦
સોયાબીન-૮૫૫-૮૫૫
શીંગદાણા-૧૪૪૦-૧૪૪૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૧૮-૬૪૯
ડુંગળીલાલ-૧૨૫-૯૩૩
ચણા-૧૧૭૫-૧૩૭૧
તલસફેદ-૧૯૮૦-૨૬૨૮
ચોળી-૧૬૧૦-૧૬૧૦
મઠ-૨૮૦-૧૦૧૦
તલકાળા-૩૩૯૫-૩૪૯૧
ડુંગળીસફેદ-૧૫૦-૮૯૩
નાળીયેર-૫૩૨-૨૦૦૦
બાજરી-૪૫૫-૫૧૧
જુવાર-૪૫૩-૭૬૩
મગ-૧૦૯૯-૧૬૨૧

**બાબરા**
કપાસ-૧૪૧૦-૧૬૯૦
ઘઉં-૫૧૪-૫૬૬
મગ-૧૪૩૦-૧૬૭૦
જીરૂ-૪૦૩૯-૪૭૧૧
અડદ-૧૨૪૦-૧૩૯૦
તલસફેદ-૨૨૬૦-૨૫૯૦
જીરૂ-૪૦૩૯-૪૭૧૧

**ધારી**
કપાસ-૧૪૧૪-૧૫૮૦
બાજરો-૩૬૪-૪૪૦
જુવાર-
મગ-૧૫૫૦-૧૫૫૦
ચણા-
ઘઉં-૪૯૪-૫૪૯
ધાણા-
તુવેર-
શીંગફાડા-
સોયાબીન-
મગફળી-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-
શીંગજીણી-૧૦૫૧-૧૧૫૧
જીરૂ-૩૯૦૦-૪૭૦૦
તલસફેદ-૨૧૫૦-૨૭૦૪
કપાસ-૧૨૫૧-૧૬૭૧
ઘઉંલોકવન-૫૨૩-૬૧૧
જુવાર-૪૦૦-૭૧૭
ઘઉંટુકડા-૫૩૧-૬૦૬
ચણા-૧૨૧૨-૧૪૧૫
અડદ-૧૨૦૦-૧૫૧૧
મગ-૯૦૦-૧૨૦૦
બાજરો-૩૮૯-૫૩૪
મકાઈ-૫૦૯-૬૦૧

**ખાંભા**
કપાસ-૧૪૬૦-૧૪૬૦
જુવારસફેદ-
તલસફેદ-
ઘઉં-
મગફળી-૧૦૫૦-૧૦૫૦
ધાણા-
સોયાબીન-

**બગસરા**
કપાસ-૧૧૦૦-૧૪૪૫
એરંડી-૧૧૮૦-૧૧૮૦
મગફળી-૫૨૫-૫૫૧
ધાણા-૧૦૧૫-૧૨૦૧
તલસફેદ-૨૩૭૫-૨૪૯૫
ઘઉંટુકડા-૫૦૦-૫૨૭
ઘઉંલોકવન-૫૨૦-૫૬૯
બાજરો-૩૫૦-૩૫૦
અડદ-૧૧૫૦-૧૧૫૦
ચણા-૧૨૦૦-૧૨૯૫
સોયાબીન-૮૧૧-૮૮૦
તુવેર-૧૨૦૦-૧૨૦૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૧૦૦
દાડમ-૨૦૦૦-૩૦૦૦
મુસંબી-૪૦૦-૭૦૦
સંતરા-૨૮૦૦-૩૦૦૦
કીવી-૬૦૦૦-૭૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૬૦૦-૨૯૦૦
અનાનસ-૧૨૦૦-૧૫૦૦
જામફળ-૧૪૦૦-૧૬૦૦
કેળા-૪૫૦-૫૫૦
પોપૈયા-૬૦૦-૯૦૦
તડબુચ-૧૦૦-૨૪૦
સફરજન હિમાચલ-૧૦૦૦-૨૦૦૦

## અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન 33.૬
ન્યુનતમ તાપમાન ૨૪.૭
ભેજનું પ્રમાણ ૮૫
પવનની ગતિ સરેરાશ ૪.૭

ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત - 30 દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● 30% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૨૦-૦૯-૨૦૨૪ શુક્રવાર

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

### મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના વરદ હસ્તે

# રાજુલા શહેરમાં આજે તળાવ બ્યુટી ફિકેશન અને ઓડિટોરિયમ હોલનું ખાતમુહુર્ત-લોકાર્પણ કરાશે

**કલેકટર અને અધિકારીઓએ નિરિક્ષણ કર્યુ : રાજુલામાં મુખ્યમંત્રી સભા સંબોધન કરશે : તડામાર તૈયારીઓ**




રાજુલા, (કનુભાઈ વરૂ)આગામી ૨૦ સપ્ટેમ્બરના રોજ ગુજરાત રાજયના મક્કમ મૃદુ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ રાજુલા પધારી રહ્યા છે અને વિવિધ પ્રકલ્પોનુંખાતમુહૂર્તઅનેલોકાર્પણકરનાર છેત્યારેઆજરોજધારાસભ્યહીરાભાઈ સોલંકીએ સ્થળ મુલાકાત કરી આયોજન અંગે સમીક્ષાઓ કરી હતી જિલ્લા કલેકટરશ્રી તેમજ સ્થાનિક અધિકારીઓ-પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કામગીરીનું નિરીક્ષણ કરી વિવિધ સૂચનાઓઆપીહતી. ધારાસભ્યસોલંકી અને ભાજપની ટીમ સહિત માં તૈયારીઓ ધારાસભ્યશ્રીહીરાભાઈ સોલંકી આહીર સમાજના આગેવાન અને જિલ્લા ભાજપના મહામંત્રી પીઠાભાઈ નકુમ જિલ્લા ભાજપના યુવા પ્રમુખ ચેતનભાઈ શિયાળ જિલ્લા ભાજપ આગેવાન રવુંભાઈ ખુમાણ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતિનિધિ ધીરજલાલ પુરોહિત ભાજપના સોશિયલ મીડિયા કન્વીનર સાગરભાઈ સરવૈયા બળવંતભાઈ લાડુમોર સંઘના પ્રમુખ રમેશ ડોબરીયા તથા જિલ્લા બેંકના ડિરેક્ટર શ્રી દાદભાઈ વરુ તથા મહેન્દ્ર ભાઈ ધાખડા મયુર દાદા તથા માજી પ્રમુખ સંજયભાઈ તથા મહેન્દ્ર ભાઈ ધાખડા જિલ્લા પંચાયત સદસ્ય વિક્રમભાઈ શિયાળ તથા કરસનભાઈ ભીલ તાલુકા કારોબારી ચેરમેન અનિરુદ્ધભાઈ વાળા તથા બચુભાઈ ચૌહાણ તાલુકા ગ્રામ્ય ભાજપ હરસુરભાઈ લાખણોત્રા ભાજપ શહેર પ્રમુખ પરેશભાઈ લાડુમોર સંઘના ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ વરુ તથા જીવકુભાઈ ખુમાણ તથા માજી તાલુકા પંચાયતના પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા ઘનશ્યામ મશરૂ તથા ચેમ્બર પ્રમુખ ગૌરાંગ મહેતા ભાજપ આગેવાનો દ્વારા તડામાર તૈયારીઓ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાં મુખ્યમંત્રી આવતા તંત્ર દ્વારા રસ્તાઓની મરામત કરાઇ

**શહેરમાં રાતો રાત ડામર પાથરી પેચવર્ક કરવામાં આવ્યું**



રાજુલા,

રાજુલા શહેરમાં આગામી ૨૦ તારીખ ના રોજ વિવિધ વિકાસ કામોનું ખાતમુરત અને લોકાર્પણ કરવા માટે ભુપેન્દ્રભાઈ પટેલ મુખ્યમંત્રી રાજુલા માર્કેટિંગ યાર્ડના ચોકમાં પધારી રહ્યા છે ત્યારે તે માટે તંત્ર દ્વારા હાલ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.રાજુલા છાતડીયા રોડ તેમજ રાજુલા જાફરાબાદ રોડ જ્યાથી સીએમ મુખ્યમંત્રી પધારવાના છે તે વિસ્તારમાં મુખ્ય રોડ ઉપર ડામર પાથરવામાં આવ્યો છે અને રાતોરાત રસ્તાઓ યોગ્ય કરવામાં આવી રહ્યા છે છેલ્લા ઘણા સમયથી અહીં ધૂળ ઉડતી હતી પણ મુખ્યમંત્રી આવતા આ માર્ગોને હાલ ડામર પાથરવામાં આવી રહ્યો છે ત્યારે આ વિસ્તારના રહેવાસીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

# બગસરામાં બિલાડીને વિજ શોક લાગતા ગામ આખાની લાઇટ ગુલ



બગસરા(સમીર વિરાણી) બગસરામાં ભૂતનાથ ફીડરમાં નદીપરા વિસ્તારમાં અચાનક એક બિલાડી સબ સ્ટેશન પાસેથી પસાર થવા ગઈ અને ધડાકો થયો લોકો દ્વારા પીજીવીસીએલ ની જાણ કરાતા પીજીવીસીએલ દ્વારા તાત્કાલિક ધોરણે જે જગ્યાએ નદીપરામાં ધડાકો થયો હતો ત્યાં પહોંચીને તાત્કાલિક ધોરણે લાઈટ ચાલુ કરવા માટેના પ્રયત્નો કર્યા હતા.

### રેલ્વેની હદમાં દબાણ હટાવી લેવા તાકીદ કરતાં

# રાજુલામાં લોકોએ સ્વૈચ્છિક દબાણ દુર કર્યુ

**દબાણ દુર થતાં રસ્તો પહોળો થઇ ગયો : તંત્ર દ્વારા ગેરકાયદે દબાણ હટાવવા નોટીસો પણ અપાઇ**

રાજુલા,રાજુલા રેલવેના સીઓ દ્વારા રાજુલા સિટીમાં કેબીન ધારકોએ રેલીની જગ્યામાં મૂક્યા છે તે પાંચ દિવસમાં ઉપાડી લેવા નહિતર બુલડોઝર થી ઉપાડી લેવામાં આવશે રાજુલા શહેરમાં રેલવે વિભાગ દ્વારા તાજેતરમાં ઓચિંતા જ રાત્રિના દબાણ જેટલા હતા તે માર્કેટિંગ યાર્ડ બાજુમાં ખુલ્લા કરી નાખવામાં આવ્યા છે જેથી રસ્તો પણ પહોળો થઈ ગયો છે અને આ જગ્યા ઉપર ૨૦ તારીખે મુખ્યમંત્રી પણ આવી રહ્યા છે ત્યારે રેલવે તંત્ર પણ પોતાની જગ્યા સ્પષ્ટ કરવા માટે ગઈકાલે મોટાભાગના રાત્રિના દબાણો દૂર કર્યા બાદ હાલ રેલવેના કબજામાં હજી મંદિર તેમજ હોસ્પિટલ સામે બસ સ્ટેશન પાસે જે જગ્યાઓમાં કેબીનો મુકેલ છે તે કેબિન ધારકોને ગેરકાયદેસર મુકેલા કેબીનો હટાવી લેવા માટે અને કેબિનને નુકસાન ન થાય તે માટે સ્વચ્છતા એ ઉપાડી લેવા નકર પાંચ દિવસમાં તંત્ર દ્વારા હટાવવાની કામગીરી કરવામાં આવશે અને માલ પણ કબજે કરવામાં આવશે તેમ સાવરકુંડલા રેલવેના સીઓ દ્વારા નોટિસો આવા સ્થળ ઉપર ચોંટાડવામાં આવી છે.

### જીએચસીએલ ફાઉન્ડેશન, વિક્ટર દ્વારા

# લીલી વસુંધરા કાર્યક્રમ અંતર્ગત આશરે બે હજાર જેટલા વૃક્ષો રોપવામાં આવ્યા

**વૃક્ષો માટે ટ્રી ગાર્ડ અપાયાં : ૭ ગામોમાં ૨૦૦ જેટલા વૃક્ષોનું રોપણ કરાશે**



રાજુલા,સી.એસ.આર કાર્યક્ષેત્રનાં ગામોમાં ૨૦૦ જેટલા વૃક્ષો ટ્રી ગાર્ડ સાથે રોપવામાં આવ્યા તેમજ ગ્રામ્યકક્ષાએ ૨૦૦૦ જેટલા વૃક્ષોનાં વિતરણનું આયોજન કરવામા આવ્યુ વિશ્વ પર્યાવરણનાં દિવસે વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલ પહેલ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા પોતાની સામાજીક પ્રતિબધ્ધતા દર્શાવી કંપનીઆસપાસનાં ૭ ગામોમાં જાહેર સ્થળોએ ૨૦૦ જેટલા વૃક્ષો ટ્રીગાર્ડ સાથે અને અન્ય ૨૦૦૦ જેટલા વૃક્ષો સામુદાયીક ધોરણે રોપવાનું આયોજન કરવામાં આવ્યુ. આ મુહીમને લીલી વસુંધરા નામ આપવામાં આવ્યુ છે. જેમા ગ્રામ્ય કક્ષાએ લોકોમાં પર્યાવરણ જાળવણી અંગે જાગરૂકતા આવે તે અર્થે શાળા કક્ષાએ વિવિધ કાર્યક્રમોનાં આયોજન તેમજ બાળકોને રોપાઓનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા જીએચસીએલનાં તમામ પ્રતિનિધીઓ, સી.એસ.આર ટીમ તથા ગ્રામ પંચાયતનાં સભ્યો અને સરપંચશ્રીઓએ જહેમત ઉઠાવેલ.

# રાજુલા સંઘવી મહિલા કોલેજમાં હિન્દી દિવસની ઉજવણી

**હિન્દી પ્રસારના માધ્યમો વિશે વકતવ્ય અપાયું**

રાજુલા,

શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા કોલેજ ખાતે હિન્દી દિવસ ની ઉજવણી કરવામાં આવેલ. આ તકે કોલેજ સેક્રેટરી શ્રી બાલ ક્રિષ્ન ભાઈ ત્રિવેદી સાહેબ, કેમ્પસ મેનેજર શ્રી રવિ ભાઈ વ્યાસ ,કેમ્પસ ડાયરેક્ટર ડો.જીજ્ઞેશ ભાઈ વાજા ની ઉપસ્થિત રહી બહેનો ને શુભેચ્છાઓ પાઠવેલ.કોલેજ પ્રિન્સિપાલ ડો.શ્રી રીટાબેન રાવલ દ્વારા રાષ્ટ્રભાષાનું મહત્વ તથા હિન્દી પ્રચાર પ્રસાર નાં માધ્યમો વિશે તલસ્પર્શી વક્તવ્ય આપવામાં આવેલ.હિન્દી નિબંધ સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલ . બહેનો દ્વારા ઉત્સાહ ભેર ભાગ લીધેલ.આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે શિયાળ તેજલ બેન કિશોર ભાઈ દ્વિતીય ક્રમાંકે વાગડીયા રિધ્ધિ બેન વલ્લભ ભાઈ તૃતીય ક્રમાંકે શિયાળ કિંજલ બેન ભોળાભાઈ વિશેષ સિદ્ધિ હાંસિલ કરેલ. કોલેજ ટ્રસ્ટ તથા અધ્યાપકો દ્વારા અભિનંદન પાઠવેલ. આ તકે નિવૃત્ત આચાર્યશ્રી દીનાબેન ઉપસ્થિત રહેલ. આ સાથે કોલેજ માં આજ રોજ ટ્રેડિશનલ પહેરવેશ નું પણ આયોજન થયેલ.બહોળા પ્રમાણ માં બહેનો ઉત્સાહ ભેર જોડાયેલ.કોલેજ નાં આંગણે ભવ્ય ભાતી ગળ ભારત ની સંસ્કૃતિ નાં રંગોળી જાણે વિવિધતામાં એકતા નાં દર્શન કરાવતી હતી. સમગ્ર કાર્યક્રમ ની જહેમત પ્રા.જાગૃતિબેન તેરૈયા તથા પ્રા.ભગવતી બેન વડીયા દ્વારા ઉઠાવી સુપેરે સાફલ્ય સિધ્ધ થયો હતો.

# રાજુલા માર્કેટયાર્ડ શોપીંગ સેન્ટરના દુકાનદારો દ્વારા ગંદકી પ્રશ્ને નગરપાલિકામાં રજુઆત કરાઇ

**વેપારીઓ દ્વારા પાલિકાના ચીફઓફીસરને રોષભેર રજુઆત**

અમરેલી,

રાજુલા માર્કેટયાર્ડ શોપીંગ સેન્ટરના દુકાનદારો દ્વારા રજુઆત કરેલ છે કે હમણા કેમેરાની લાઈન માટે જેસીબીથી ખોદાણ કામ કરતા ગટર લાઈન તુટી ગઈ છે. જેનું પાણી બહાર નીકળી દુકાનો આગળ રોડ ઉપર આવે છે. તે તુરંત રીપેર કરાવી બંધ કરાવવું જરૂરી છે. તેમજ યાર્ડ સામે આવેલ હોટેલોના પાણી પણ ખુલ્લામાં કાઢવામાં આવે છે. જે બંધ કરાવવા શોપીંગ સેન્ટરના દુકાનદારો દ્વારા પાલિકાના ચીફઓફીસરને રજુઆત કરવામાં આવી છે. દુકાનો આગળ સફાઈ કરવામાં આવતી નથી.તેમજ કચરાના ઢગલા પડયા રહે છે. જેનાથી રાહદારીઓને અને દુકાનદારોને મુશ્કેલી પડી રહી છે.રોગચાળો ફેલાઈ તે પહેલા યોગ્ય કાર્યવાહી કરવામાં નહી આવે તો કચેરી સામે આમરણાંત્ત ઉપવાસ ઉપર બેસવા દુકાનદારોએ ચીમકી ઉચ્ચારી છે.

### ઉત્થાન સંસ્થા દ્વારા

# રાજુલાની શાળાઓમાં મહિલા સશકિતકરણ કાર્યક્રમ યોજાયો

**તાલુકાની શાળાઓમાં વિવિધ રમતો અને પ્રવૃતિઓ યોજાઇ**

રાજુલા, (કનુભાઈ વરૂ)ઉત્થાન સંસ્થા અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકાનાં ૧૬ જેટલા ગામોમાં કાર્યરત છે. ઉત્થાન ભાવનગર /અમરેલી વિસ્તારનાં એરિયા મેનેજર જયાબેન ચામડાનાં માર્ગદર્શન હેઠળ રાજુલા ટીમ દ્વારા જેન્ડર સમાનતા અને મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત સરકારી શાળાઓમાં યુથ મેળો યોજવામાં આવેલ હતો. જેમાં નવા આગરિયા, માંડણ, ડુંગર, દાતરડી, વિસળીયા, વડલી અને વાવેરા એમ સાત અને ધોરણ આઠ ધોરણનાં કિશોર અને કિશોરીની સાથે જેન્ડર સમાનતાની સમજ ઊભી થાય તે માટે જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી.

### શ્રીમતી ગજેરા કેમ્પસ સંચાલિત

# અમરેલી જ્ઞાનશકિત સ્કુલમાં ઉર્જા સંરક્ષણ કાર્યક્રમ યોજાયો

**ઉર્જા અને સંરક્ષણ પ્રશ્નોતરીના ઉતરો સાથે માર્ગદર્શન**



અમરેલી,શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાનશકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ અમરેલીમાં ઉર્જા સંરક્ષણ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જ્ઞાન શકિત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રસ ઉર્જા સંરક્ષણ ,સૌર ઊર્જાને વિશે વિવિધ પ્રશ્નોત્તરી તેમજ તેને લગતા સાધનો વિશે રસ પૂર્વક માહિતગાર થયા હતા. આ કાર્યક્રમના માધ્યમથી બાળકોમાં રહેલ પૂર્વજ્ઞાનની પણ ચકાસણી થઈ હતી આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં પહેલો બીજો અને ત્રીજો નંબર વિજેતા ને પ્રોત્સાહક ઈનામ સાથે સન્માન કરી બિરદાવવામાં આવ્યા હતા. પાર્ટિસિપેટ કરેલ તમામ બોલપેન આપી બિરદાવ્યા હતા. જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર અને બાલભવન અમરેલીના ડાયરેક્ટરશ્રી નિલેશભાઈ પાઠક તેમની સાથે નયનાબેન પાઠક , શ્રી ચેતનભાઈ પાઠક દ્વારા તમામ માહિતી આપવામાં આવી હતી અને આ કાર્યક્રમ સાયન્સ સિટીના લોક વિજ્ઞાન કેન્દ્રના ના ઉપક્રમે કરવામાં આવેલ હતો. આ તકે મંત્રીશ્રી ચતુરભાઈ ખૂટ, કેમ્પસ ડાયરેક્ટરશ્રી વસંતભાઈ પેથાણી ,પ્રિન્સિપાલશ્રી શિક્ષક સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. અને કાર્યકમને સફળ બનાવેલ હતો.

# ધારીને નગરપાલિકા આપવા ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા મુખ્યમંત્રીને રજુઆત કરશે

**મોટુ શહેર હોવા છતા ધારીમાં ગ્રામ પંચાયત છે : નગરપાલિકા બનતા ધારીને શહેરી વિકાસ સુવિધાઓ મળે તો જીવનધોરણ ઉંચુ આવશે**



ધારી, (ઉદય ચોલેરા)

આજે અમરેલી જિલ્લાના પ્રવાસે આવી રહેલા રાજયના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ ધારીની મુલાકાતે પણ આવી રહયા હોય આ સમયે ધારીને નગરપાલિકા આપવા ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયા મુખ્યમંત્રીને રજુઆત કરશે કારણકે મોટુ શહેર હોવા છતા ધારીમાં ગ્રામ પંચાયત છે અહીં નગરપાલિકા બનતા ધારીને શહેરી વિકાસ સુવિધાઓ મળે તો જીવનધોરણ ઉંચુ આવશે જેથી ધારીને નગરપાલિકા આપવી ખુબ જ જરૂરી છે.

# બગસરા અને વિસાવદરમાં અસ્થિઓ એકત્ર કરી પવિત્ર ગંગામાં વિસર્જન કરાયું

**શાસ્ત્રોક્ત વિધીથી વિસર્જન કરતા સેવાભાવિઓ**



બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરાના સેવાભાવિઓ દિપકભાઈ પંડયા, મયુર પંડયા અને ગીરધરભાઈ સોલંકી દ્વારા છેલ્લાં ૧૬ વર્ષથી સ્વખર્ચે અસ્થિઓ હરીદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવે છે. બગસરાના હિન્દુ સ્મશાન ખાતે મૃતકોના અસ્થિઓ પૂજન તેમના સ્વજનોના હાથે કર્યા બાદ બગસરા અને વિસાવદર તાલુકાના તમામ અસ્થિઓ એકત્ર કરવામાં આવે છે. અસ્થિઓનું છેલશંકરદાદાના હાથે કરાવી બાલાભગત દ્વારા ધૂન કરાવવામાં આવી હતી. ૧૫૦ કરતા વધારે અસ્થિઓનું ભાદરવી પૂનમના દિવસે શાસ્ત્રી પ્રફુલભાઈ જાષી અને હિતેષભાઈ ત્રિવેદી દ્વારા શાસ્ત્રોક્ત વિધી કરી અસ્થિઓનું ગંગા નદીમાં વિસર્જન કરવામાં આવ્યા બાદ તમામ મૃતાત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ તમામ સેવાકિય કાર્ય સેવાભાવિઓ દ્વારા સ્વખર્ચે કરવામાં આવી રહ્યુ છે.

# અમરેલીનાં ચિતલ ખાતે પોષણ માસ ઉજવણી

**પ્રભાત ફેરી અને રેલીનું આયોજન કરાયુ**

અમરેલી,

સમગ્ર દેશમાં સપ્ટેમ્બર માસમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવે છે તેનું સાતમુ સંસ્કરણ વર્ષ ૨૦૨૪ દરમ્યાન ઉજવવામાં આવી રહ્યુ છે ત્યારે સમગ્ર રાજયમાં મહીલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા આ ઉજવણી અંતર્ગત એનિમિયા, ગ્રોથ મોનિટરીંગ, પુરક પોષણ, પોષણ ભી પઢાઈ ભી, સુશાસન માટે ટેક્નોલોજી અને પર્યાવરણ સંરક્ષણ જેવા વિવિધ પોષણલક્ષી થીમ આધારીત વિવિધ કાર્યક્રમોનું આયોજન અને ઉજવણી અમરેલી જીલ્લામાં પણ કરવામાં આવી રહી છે તેના ભાગ રૂપે અમરેલી જીલ્લાનાં ચિતલ ખાતે કિશોરીઓમાં પોષણ અંગે જાગૃતી આવે અને આઈ.સી.ડી.એસ દ્વારા ચાલતા વિવિધ કાર્યક્રમો અને યોજનાઓનો બહોળો પ્રચાર પ્રસાર થાય તે અર્થે ચીતલનાં કાળવા ચોકનાં કેંદ્ર નં ૨૪૩ ખાતે પ્રભાત ફેરી અને રેલી યોજવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ચીતલ સેજાનાં મુખ્ય સેવિકા શ્રી પૂજા મુંધવા, મહીલા મોરચાનાં તાલુકા પ્રમુખ શ્રી રંજનબેન બાબરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ૨૫ જેટલી કિશોરીઓ સહભાગી બની હતી તેમજ આંગણવાડી કાર્યકર અને હેલ્પર બહેનોએ જહેમત ઉઠાવેલી.

